# સુરત મહાનગરપાલિકા

## જાહેરનામું

* * *

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19)ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-19ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં કોરોના વાઇરસના સંક્રમણને ધ્યાને લેતા,

આથી, હું, બંછાનિધિ પાની,IAS કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત ગુજરાત રાજય એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ ની કલમ-૨, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાંગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં.NCV/102020/SF-1/G, Date:-20/03/2020ના પેરા નં.૧૧ થી મળેલ અધિકારની રૂએ હુકમ કરું છું કે "હાલમાં સુરત શહેરમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના સંક્રમણને ધ્યાને લેતા સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં તાપી નદીના કિનારે આવેલા તમામ ઓવારાઓ બંધ રાખવા તથા ઓવારાઓ પર લોકોને એકઠા ન થવા હુકમ કરૂં છું.

ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે રૂ.૫૦૦૦/- નો દંડ અને ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્ય
વાહી હાથ ધરવામાં આવશે.

નં.પી.આર.ઓ./૩૩૯ /૨૦૨૦-૨૧
તા.૨૧/૦૭/૨૦૨૦

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

નકલ સવિનય રવાના: પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર, સુરત પ્રતિ...કાર્યવાહી અર્થે
નકલ સવિનય રવાના: કલેકટરશ્રી, સુરત પ્રતિ...

Scanned with CamScanner